# 8

# ખાસ આમનોંધ

**વિભાગ A**

**નીચે આપેલ બહુવિકલ્પ પ્રશ્નો માટે સાચો વિકલ્પ પસંદ કરી પ્રશ્નની સામે આપેલ ખાનામાં લખો :**

**1.** વર્ષના અંતે ઉપાડ ખાતું બંધ કરી કયા ખાતે ફેરબદલી કરવામાં આવે છે ? [ ]

(a) વેપાર ખાતે ઉધાર (b) મૂડી ખાતે ઉધાર

(c) નફા-નુકસાન ખાતે ઉધાર (d) રોકડ ખાતે ઉધાર

**2.** ફર્નિચરનું રોકડ વેચાણ ક્યાં નોંધાશે ? [ ]

(a) ખરીદનોંધમાં (b) વેચાણનોંધમાં (c) રોકડમેળમાં (d) ખાસ આમનોંધમાં

**3.** યંત્રની ઉધાર ખરીદી ક્યાં નોંધાશે ? [ ]

(a) ખરીદનોંધમાં (b) વેચાણનોંધમાં (c) રોકડમેળમાં (d) ખાસ આમનોંધમાં

**4.** વર્ષના અંતે માલ અને ઊપજ-ખર્ચનાં ખાતાં બંધ કરવા જે નોંધ લખવામાં આવે છે, તેને શું કહે છે ? [ ]

(a) આખરનોંધ (b) હવાલાનોંધ

(c) ભૂલ-સુધારણાનોંધ (d) ખાતાંની ફેરબદલીની નોંધ

**5.** માલનાં ખાતાં બંધ કરી કયા ખાતે લઈ જવામાં આવે છે ? [ ]

(a) વેપાર ખાતે (b) નફા-નુકસાન ખાતે

(c) પાકા સરવૈયામાં (d) રોકડમેળમાં

**6.** ઊપજનાં ખાતાં બંધ કરી કયા ખાતે લઈ જવામાં આવે છે ? [ ]

(a) વેપાર ખાતામાં (b) નફા-નુકસાન ખાતામાં

(c) પાકા સરવૈયામાં (d) મૂડી ખાતામાં

**7.** હિસાબો લખતા થયેલી ભૂલો સુધારવા માટે જે નોંધ લખવામાં આવે છે, તેને શું કહે છે ? [ ]

(a) ભૂલ-સુધારણાનોંધ (b) આમનોંધ (c) પેટાનોંધ (d) હવાલાનોંધ

**8.** ભૂલ-સુધારણાનોંધ કઈ પેટાનોંધમાં લખવામાં આવે છે ? [ ]

(a) રોકડમેળ (b) પેટા રોકડમેળ (c) દેવીહૂંડી નોંધ (d) ખાસ આમનોંધ

**9.** દેવાદાર નાદાર થતાં પડેલ ઘાલખાધ કઈ પેટાનોંધમાં નોંધાશે ? [ ]

(a) ખરીદનોંધ (b) વેચાણનોંધ (c) ખાસ આમનોંધ (d) રોકડમેળ

**10.** નીચેનામાંથી કઈ મિલકત માલિક ધંધાની શરૂઆતમાં ધંધામાં લાવે, તો તેની નોંધ ખાસ આમનોંધમાં થતી નથી ? [ ]

(a) ફર્નિચર (b) રોકડ (c) યંત્રો (d) વાહનો

**વિભાગ B**

**નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો :**

**1.** ખાસ આમનોંધ એટલે શું ?

**2.** ખાસ આમનોંધમાં કયા-કયા વ્યવહારો નોંધાય છે ?

**3.** આખરનોંધ એટલે શું ?

**4.** વર્ષના અંતે માલની ખરીદીના ખર્ચનાં ખાતાં બંધ કરી કયા ખાતે લઈ જવામાં આવે છે ?

**5.** હવાલાનોંધ શા માટે કરવામાં આવે છે ?

**6.** ચૂકવેલ રૉયલ્ટીનું ખાતું બંધ કરતાં કયું ખાતું ઉધાર થશે ?

**7.** ચૂકવવાના બાકી પગારની હવાલાનોંધ લખતા કયું ખાતું જમા થશે ?

**8.** ખાતાની ફેરબદલી નોંધ એટલે શું ?

**9.** વર્ષના અંતે ધંધામાં રહેલ આખર સ્ટૉકની હવાલાનોંધ લખતાં કયું ખાતું જમા થશે ?

**10.** ધંધા માટે ખરીદેલ મશીનરીને ગોઠવવાની મજૂરીના ₹ 2000 મજૂરી ખાતે ઉધાર્યા છે. - આ ભૂલ સુધારતાં કયાં-કયાં ખાતાંને અસર થશે ?

## વિભાગ C

**1. નીચેના વ્યવહારોની નોંધ શ્રી વિનીત વિરાણીના ચોપડે ખાસ આમનોંધમાં લખો :**

(1) ધંધો શરૂ કરવા માટે ₹ 20,000 રોકડા, ₹ 5000નું ફર્નિચર, ₹ 10,000નો માલ અને ₹ 15,000નાં યંત્રો લાવ્યાં.

(2) અંગત દેવાદારો ₹ 15,000 અને અંગત લેણદારો ₹ 5000 ધંધામાં લાવ્યા.

(3) વિશાલ પ્રત્યેનું અંગત લેણું ₹ 10,000 અને વિવેક પ્રત્યેનું અંગત દેવું ₹ 18,000 ધંધામાં લાવ્યા.

(4) અંગત લેણદારો ₹ 8000ના ધંધામાં લાવ્યા.

(5) ₹ 7000નું અંગત ફર્નિચર અને ₹ 15,000નાં અંગત વાહનો ધંધામાં લાવ્યાં.

**2. નીચેના વ્યવહારોની નોંધ શ્રી રવિન્દ્ર રાજપરાના ચોપડે ખાસ આમનોંધમાં લખો :**

(1) ઉપાડના ₹ 6000 મૂડી ખાતે ફેરબદલ કરો.

(2) બિરેનને ચૂકવવાના ₹ 8000 વિપુલે કબૂલ્યા.

(3) રાજ પાસેથી આપણે ₹ 6000 લેવાના છે અને રોનકને ₹ 6200 આપણે આપવાના છે. ₹ 6000 રાજ પાસે કબૂલાવી રોનકનો હિસાબ ચૂકતે કર્યો.

**3. નીચેના વ્યવહારો પરથી શ્રી સૌરવ શાહના ચોપડે ખાસ આમનોંધ લખો :**

(1) ચૂકવવાની બાકી મજૂરી ₹ 500 છે.

(2) વીમા-પ્રીમિયમના ₹ 800 અગાઉથી ચૂકવેલ છે.

(3) કમિશનના ₹ 1200 મળવાના બાકી છે.

(4) ઉમેદવારનું પ્રીમિયમ ₹ 1000 અગાઉથી મળેલ છે.

(5) મશીનરી પર ₹ 2000 ઘસારો ગણવાનો છે.

(6) આખર માલનો સ્ટૉક ₹ 15,000 છે.

(7) સ્ટેશનરીનો આખર સ્ટૉક ₹ 800 છે.

(8) રાહુલ પાસેનું લેણું ₹ 3000 વસૂલ થઈ શકે તેમ નથી.

**4. નીચેનાં ખાતાં બંધ કરવાની નોંધ લખો :**

(1) વેચાણ ખાતું ₹ 80,000

(2) ખરીદ ખાતું ₹ 60,000

(3) મજૂરી ખાતું ₹ 5000

(4) ખરીદપરત ખાતું ₹ 3000

(5) વેચાણપરત ખાતું ₹ 2000

(6) રેલવેનૂરનું ખાતું ₹ 1000

**5. નીચેનાં ખાતાં બંધ કરવાની નોંધ લખો :**

(1) પગાર ખાતું ₹ 8000

(2) ડિવિડન્ડ ખાતું ₹ 6000

(3) જાહેરાત ખર્ચનું ખાતું ₹ 12,000

(4) મળેલ વ્યાજનું ખાતું ₹ 3000

(5) વીમા-પ્રીમિયમનું ખાતું ₹ 5000

(6) મળેલ ભાડા ખાતું ₹ 4000

**6. નીચેના વ્યવહારો પરથી શ્રી રોહન રંગાણીના ચોપડે ખાસ આમનોંધ લખો :**

(1) ભૂતકાળમાં માંડી વાળેલ ઘાલખાધના ₹ 2000 રાહુલ પાસેથી પરત મળેલ છે, જે તેના વ્યક્તિગત ખાતે જમા કરેલ છે.

(2) સોહન પાસેથી મળેલ ₹ 4500ની નોંધ મોહન ખાતે કરેલ છે.

(3) જીવન વીમા-પ્રીમિયમના ચૂકવેલ ₹ 1200 વીમા-પ્રીમિયમ ખાતે ઉધાર કરેલ છે.

(4) પરાગને પગારના ચૂકવેલ ₹ 6000 તેના અંગત ખાતે ઉધારેલ છે.

(5) યંત્ર ગોઠવવાની મજૂરીના ₹ 1000 ચૂકવ્યા, જે ભૂલથી મજૂરી ખાતે ઉધારવામાં આવ્યા છે.

(6) ₹ 4000નું જૂનું ફર્નિચર વેચ્યું, જેની નોંધ વેચાણ ખાતે થઈ છે.

**7. નીચેના વ્યવહારો પરથી શ્રી તરુણ તલાટીના ચોપડે ખાસ આમનોંધ લખો :**

(1) માલિક ₹ 2000નો માલ ધંધામાંથી અંગત વપરાશ માટે લઈ ગયા.

(2) ₹ 3000નો માલ નમૂના તરીકે મફત વહેંચ્યો.

(3) ₹ 5100નો માલ પૂરરાહત ફંડમાં આપ્યો.

(4) ₹ 8000નો માલ આગથી બળી ગયો. વીમાકંપનીએ 80 % રકમનો દાવો મંજૂર કર્યો.

(5) ₹ 3500નો માલ આપી, ₹ 4000નું ફર્નિચર ખરીદ્યું.

(6) ₹ 2000નો માલ આપી, ઘર માટે ₹ 1800નો પંખો ખરીદ્યો.

**8. નીચેના વ્યવહારો પરથી શ્રી ચંદન ચોકસીના ચોપડે ખાસ આમનોંધ લખો :**

(1) સજાવટ ફર્નિચર માર્ટમાંથી ₹ 20,000નું ફર્નિચર ખરીદ્યું.

(2) ₹ 20,000ની કિંમતનું યંત્ર ₹ 22,000માં ચિરાગને વેચ્યું.

(3) ઑફિસનું ₹ 5000નું જૂનું ફર્નિચર ₹ 4500માં વેચી દીધું.

(4) ₹ 1000નો માલ નમૂના તરીકે મફત મળ્યો.

(5) સાગર મશીનરી સ્ટોર્સમાંથી ₹ 50,000નું એક યંત્ર ખરીદ્યું. અડધાં નાણાં રોકડા ચૂકવ્યાં.

(6) ₹ 6000નો માલ આગથી બળી ગયો. વીમાકંપનીએ દાવો મંજૂર કરી ₹ 5000નો ચેક આપ્યો.

**9. શ્રી મહેશ ભટ્ટ લેણીહૂંહી નોંધ, દેવીહૂંડી નોંધ તથા માલપરત નોંધ માટે અલગ પેટાનોંધો રાખતા નથી માટે નીચેના વ્યવહારોની નોંધ તેમની ખાસ આમનોંધમાં લખો :**

(1) ₹ 5000ની હૂંડી મૂકેશ પર લખી, જે તેણે સ્વીકારી પરત કરી.

(2) વિનોદની લખેલી ₹ 7000ની હૂંડી સ્વીકારી પરત કરી.

(3) સુરેશને ₹ 2000નો માલ પરત કર્યો.

(4) મૂકેશની લેણીહૂંડી દુર્ગેશને વેચાણશૅરો કરી આપી.

(5) અશ્વિને ₹ 3000નો માલ આપણને પરત કર્યો.

(6) રાજેશ પાસેથી ઘાલખાધ પરતના ₹ 2500 રોકડા મળ્યા.

**10. નીચેના વ્યવહારો પરથી શ્રી અતુલ અવસ્થીના ચોપડે ખાસ આમનોંધ લખો :**

(1) ધંધો શરૂ કરવા માટે ₹ 10,000નો માલ તથા ₹ 25,000નાં યંત્રો લાવ્યાં.

(2) કબીર સ્ટોર્સમાંથી ધંધા માટે ₹ 20,000નો સેલ્યુલર ફોન ખરીદ્યો.

(3) રોહિતને ₹ 500 વ્યાજના ચૂકવવાના થયા.

(4) ₹ 12,000નો માલ દુકાનમાંથી ચોરાઈ ગયો, જેની સામે વીમાકંપનીએ 75 % રકમનો દાવો મંજૂર કર્યો.

(5) ફૅમિલી ડૉક્ટરનું બિલ ₹ 800 ચૂકવેલ, જે પરચૂરણ ખર્ચ ખાતે ઉધારેલ છે.

(6) મળેલ ભાડું ₹ 4000 છે. - ખાતું બંધ કરવાની નોંધ લખો.

◆